ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

અમે તો રહ્યા
હથેળીના માણહ
ટેરવેથી મળવાનું
નહીં ફાવે

## જન્મદિને વધામણી



ભદ્રશિલાબેન ત્રિવેદી
સામાજિક અગ્રણી
મો. ૯૪૨૬૩ ૫૨૭૮૧



ભાવના સમીર રામી
બ્યુટીશિયન, રામી બ્યુટી કેર
મો. ૯૪૨૬૫ ૬૬૨૦૧



મિતવા



હરશિવ રવીન્દ્રકુમાર નાયી
મો. ૯૭૨૫૭ ૩૨૪૧૨

# રાજ્ય રોલબૉલ સ્પર્ધામાં ગાંધીનગરનાં ખેલાડીઓ વિજયી





ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના ખેલાડીઓ રાજ્યકક્ષાની ઓપન રોલબૉલ સ્પર્ધામાં વિજેતા બન્યા

તાજેતરમાં બોરસદ, આણંદ ખાતે રોલબૉલની રાજ્યકક્ષાની સ્પર્ધા યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં ૧૪ વર્ષથી ઓછી વયનાં ખેલાડીઓ (બહેનો)ના વિભાગમાં સુરતની ટીમને હરાવી ગાંધીનગરની ટીમ વિજેતા બની હતી. ૧૧ વર્ષથી ઓછી વયનાં ખેલાડીઓ (બહેનો)ના વિભાગમાં ગાંધીનગરની ટીમને દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત થયો હતો.

બંને વિજેતા ટીમના કોચ ભાર્ગવ આયરે વિજેતાઓને અભિનંદન સહ ભવિષ્યમાં પણ સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ તથા ગાંધીનગરનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

**૧૪ વર્ષથી ઓછી વયનાં ખેલાડીઓ (પ્રથમ વિજેતા)**

જિલ રાજન કાકડિયા
કશિશ મેહુલ ઠાકર
હનિશા ઘનશ્યામભાઈ બાઠેજા
સાક્ષી વિપુલભાઈ પઘડાલ
દેવાંશી ભાવેશ પટેલ
જિયા કનુભાઈ પટેલ
પ્રિન્સી પટેલ
રોશની એસ પટેલ
યામી સ્નેહલકુમાર ચૌહાણ

**૧૧ વર્ષથી ઓછી વયનાં ખેલાડીઓ (દ્વિતિય વિજેતા)**

જૈની ઘનશ્યામભાઈ પટેલ
નિત્યા હાર્દિકભાઈ પટેલ
હિનમ જિગ્નેશભાઈ પ્રજાપતિ
નિરાલી જયેશભાઈ ગોહેલ
હસ્તી ભાવેશ પટેલ
તન્વી પી ચૌધરી

# પિલવાઈ કૉલેજમાં હેલ્થ ડે સૅલિબ્રેશન

ગાંધીનગર, તા. ૨૮

મહેસાણા જિલ્લાની પ્રતિષ્ઠિત પિલવાઈ કૉલેજમાં હેલ્થ ડે સૅલિબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ૪૦૧ વિદ્યાર્થીઓએ ૫૦ બૉટલ રક્તદાન કર્યું હતું.

આચાર્ય ડૉ. સંજય શાહે વિદ્યાર્થીઓને થૅલેસેમિયા અંગે માહિતી આપી થૅલેસેમિયા ટેસ્ટ અને રક્તદાન માટે પ્રોત્સાહિત કર્યા હતા. વિજાપુરના પૅથોલૉજીસ્ટ ડૉ. મહેન્દ્ર પટેલ દ્વારા વિદ્યાર્થીઓને સ્વાઈન ફ્લુ તથા ડૅન્ગ્યૂ, ચિકનગુનિયા રોગ અને તેની સારવાર, કાળજી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થાની વિદ્યાર્થીનીઓને વિજાપુરના ગાયનેકોલૉજીસ્ટ ડૉ. રાકેશ ચૌહાણે સ્ત્રી રોગો, સમસ્યાઓ અંગે રસપ્રદ માહિતી પૂરી પાડી હતી.

સમગ્ર હૅલ્થ ડે સૅલિબ્રેશન કાર્યક્રમનું આયોજન સંસ્થાના ઍનઍસઍસ કો-ઓર્ડિનેટર ડૉ. ઍમ ઍસ પ્રજાપતિ તથા આચાર્ય ડૉ. સંજય શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સમગ્ર કૉલેજ પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઊઠાવી હતી.




(૧) ૨૦૧૭માં ભારતની સુપ્રિમ કૉર્ટના નવા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે કોણે શપથ ગ્રહણ કર્યા છે ?
(એ) દિપક દવે
(બી) દિપક વ્યાસ
(સી) દિપક મિશ્રા
(ડી) દિપક જહા

(૨) ન્યાયમૂર્તિ દિપક મિશ્રા ભારતની સુપ્રિમ કૉર્ટના કેટલામા મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા છે ?
(એ) ૪૪મા (બી) ૪૫મા
(સી) ૪૬મા (ડી) ૪૭મા

(૩) દેશના ૪૫મા મુખ્ય ન્યાયમૂર્તિ મામલે કયું વિધાન અસત્ય છે ?
(એ) તેઓ બિહારના વતની છે
(બી) તેઓ ગુજરાત હાઈકૉર્ટમાં જજ હતા
(સી) થિયેટરમાં ફિલ્મ પહેલા રાષ્ટ્રગાન વગાડવું
(ડી) ૧૯૯૭માં હાઈકૉર્ટના જજ બન્યા હતા

(૪) ૨૦૧૭માં ભારતીય નૌસેનાનાં કેટલી મહિલા અધિકારીઓની વિશ્વ ભ્રમણ કાર્યક્રમ (સાગર પરિક્રમા) માટે પસંદગી કરવામાં આવી છે ?
(એ) ૬ (બી) ૭
(સી) ૮ (ડી) ૮

(૫) ૩૧ ઑગષ્ટના રોજ હિન્દ મહાસાગર સંમેલનનું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું છે ?
(એ) મુંબઈ (બી) માલે
(સી) કોલંબો (ડી) સિડની

(૬) ૨૦૧૭માં આયોજિત હિન્દ મહાસાગર સંમેલનમાં કેટલા દેશ ભાગ લઈ રહ્યા છે ?
(એ) ૩૨ (બી) ૩૩
(સી) ૩૪ (ડી) ૩૫

(૭) ૨૦૧૭માં કયા દેશની સેનામાં ટ્રાન્સજેન્ડરની નિયુક્તિ સંબંધિત યોજના પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે?
(એ) જર્મની (બી) અમેરિકા
(સી) ઓસ્ટ્રેલિયા (ડી) બ્રિટન

(૮) ૨૦૧૭માં અમેરિકાએ કયા દેશમાં ચાલતા તાનાશાહી શાસન પર કડક આર્થિક પ્રતિબંધ લાગુ કરી દીધા છે ?
(એ) પેરુ (બી) ઈક્વાડોર
(સી) વેનેજુએલા (ડી) ઘાના

(૯) પ્રસિદ્ધ બૉક્સર ફ્લોયડ મેવેદરે તાજેતરમાં પોતાની કારકિર્દીની સતત કેટલામી જીત નોંધાવી હતી ?
(એ) ૫૦મી (બી) ૫૧મી
(સી) ૫૨મી (ડી) ૫૩મી

(૧૦) રાઈટ ટુ પ્રાઈવેસી સંવિધાનના કયા અનુચ્છેદમાં આવે છે?
(એ) ૧૯ (બી) ૨૦
(સી) ૨૧ (ડી) ૨૨

# ઘરના ડાયરામાં જામી કાવ્યોની મહેફિલ





ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરભરમાં સાર્વજનિક ગણેશોત્સવનો માહોલ જામ્યો છે ત્યારે પોતાના ઘરે ગણેશ સ્થાપના અને ભક્તિ કરતા પરિવારોની સંખ્યા પણ ઓછી નથી. ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતનો પરિવાર પણ આ પૈકીનો એક પરિવાર છે.

રવિવારે સાંજે ગણેશજીની આરતીનો લાભ લેવા પાલનપુરથી ખાસ ડૉ. દર્શન શાહ અને મમતા શાહ પધાર્યાં હતાં. આરતી બાદ અનાયાસે કવિમિત્રો ભેગા થઈ જતાં કાવ્ય મહેફિલ જામી હતી.

કવિ ભાગ્યેશ જહાએ પોતાની અસલ અદામાં 'હમજ્યા મારા દિયોર તમોન હમજ્યા...', 'બકા તકલીફ તો રહેવાની....' અને જો આજના યુગમાં કવિ કાલિદાસ હોત તો કેવું કાવ્ય લખે એમ કહી સંસ્કૃતમાં કાવ્ય રજૂ કર્યું. એમની એક ગઝલે પણ આકર્ષણ જમાવ્યું :

વાર્તાનો અંત લખવા
જ્યાં ઉપાડી મેં કલમ
અંતરાશો સામટી
અટવાઈ શ્વાસોચ્છ્વાસમાં !

એવા મજબૂત શેરની ગાંધીનગર શહેરની ખૂબીઓ વર્ણવતી ગઝલ કવિ કિશોર જીકાદરા દ્વારા અને દલિત કવિ રમણ વાઘેલા દ્વારા ધારદાર ગઝલ રજૂ થઈ.

કડી સર્વ વિદ્યાલયના શિક્ષક અને ડાયરાના જાણીતા કલાકાર નારણ બારોટ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સોનલની રચના અને છેલ્લે ઝવેરચંદ મેઘાણીની રચના રજૂ કરી ડાયરાનો માહોલ જમાવી દીધો હતો.

સંજય થોરાતે ગણપતિ દાદાની દાંભિક પધરામણી પર ચાબખા મારતી રચના 'ભારે કરી...' પ્રસ્તુત કરી હતી :

વિસર્જનના નામે સંજય
ડૂબાડી દો છો ખભે કરી
તમને ઉગારી લેવાની
માગણી કરી અને ભારે કરી

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, બિલ્ડર જગત કારાણી, ભરત કવિ, શિવશંકર દવે, મહેન્દ્ર રાઠોડ, પંકજ ગાંધી, કલ્પતરૂના બસંત પરશારામકા, ડૉ. નીતા શેખાત, સ્કાય ગૃપના સચિન ઠક્કર, રાકેશ ચૌહાણ, ધવલ પારકર અને આપણું ગૃપના ભાર્ગવ આહિર, રણછોડ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંયુક્ત માહિતી નિયામક પુલક ત્રિવેદીએ કર્યું હતું. સૌને પ્રસાદ સાથે લહાણીમાં બૅડશીટ આપવામાં આવી હતી. આમ, અસલ ઘરના ડાયરામાં સર્જકો અને ભાવકો બંનેને જલસો પડી ગયો હતો.

# જે બી પ્રાથમિક શાળા ખાતે વાલીમિત્રોની મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓના વાલીમિત્રોની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાલીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી બાળકોના વિકાસ અંગે ચર્ચાઓ કરી હતી. મિટીંગમાં વિદ્યાર્થીઓના વાચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકમિત્રો, વાલીમિત્રો સાથે તેમના અભિપ્રાયોની ચર્ચા કરવામાં આવી હતી. શાળાના વિષય નિષ્ણાત શિક્ષકોએ તમામ વિષયોમાં કેવ રીતે તૈયારી કરવી તે અંગે તથા વિષયોનું મહત્ત્વ, પરીક્ષાલક્ષી તૈયારી, શિસ્ત, નિયમિતતા, સારા સંસ્કારો અંગે માર્ગદર્શન આપ્યું હતું. વાલીઓએ પણ શાળાનાં શિક્ષણ અને પ્રવૃત્તિઓ અંગે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. આચાર્ય નીવાબેન પટેલ તથા શિક્ષકો દ્વારા બાળકોનું જીવન પૂર્ણતા, શાંતિ અને સુખ તરફ વળે, એ માટે તેમને પ્રેરણાબળ મળે તે માટે તથા બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને તેમને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન મળી રહે તે માટે પોતાના સંપૂર્ણ સહકારની તૈયારી વ્યક્ત કરી હતી.

# મુખ્યમંત્રી કરાવે છે, સાતત્યપૂર્ણ જનસુખાકારીના એક વર્ષનું વિકાસદર્શન




**॥ બીજો મણકો ॥**

મુખ્યમંત્રી તરીકે પ્રથમ વર્ષ પૂર્ણ કરીને આપની સરકાર દ્વિતીય વર્ષમાં પ્રવેશી છે, ત્યારે આપને અભિનંદન... ગુજરાતના વિકાસ માટે આપે વિચારેલી બ્લ્યુ પ્રિન્ટ વિષે માંડીને વાત કરશો ?

અભિનંદન માટે આભાર... પણ મારા માટે મુખ્યમંત્રીનું પદ એ જનતાની સેવા કરવાનું માધ્યમ માત્ર છે. મેં એક વર્ષ પહેલાં અનાયાસે આ જવાબદારી સંભાળી. હું સાવ સામાન્ય પરિવારમાં ઉછર્યો છું. નાનપણથી મારી આખી જિંદગી સમાજ વચ્ચે, સામાન્યજનો વચ્ચે એમના પરિવારના સભ્ય તરીકેની રહી છે. જન-જનના સુખ - દુઃખ મેં અનુભવ્યા છે. સરકાર, વ્યવસ્થા, સંશાધનો જનસેવાની મારી લગનીને પૂરક બન્યા. સામાન્ય જનના પ્રશ્નો, સમસ્યા, દર્દ-પીડા શું હોય તેની અનુભૂતિ હતી એટલે મેં સરકારમાં પહેલું કામ જન સમસ્યા હલ કરવાનું ચિંતન કર્યું. એમાંથી સાર્વજનિક પ્રશ્નો ઉકેલવાના ઉપાયો મળવા લાગ્યાં. વ્યવસ્થાતંત્ર, સંશાધનોને નિષ્ઠાપૂર્વક કામે લગાડ્યા. પરિણામો મળવા લાગ્યા એટલે જનતાનો વિશ્વાસ જાગ્યો; આ સરકાર ગુજરાતના લોકલાડીલા નરેન્દ્રભાઈ મોદીએ બનાવેલા વિકાસના રાજમાર્ગ ઉપર ફાસ્ટ ટ્રેક બનાવી પુરપાટ ઝડપે દોડશે. આ જનમાન્યતા બની ગઈ. વિકાસના, જન હિતનાં અનેક કામો થતાં ગયાં. સાફ નિયત, સાચી નીતિ સાથે કોઈ મતલક્ષી રાજકારણ નહિ, કોઈ ચૂંટણીલક્ષી લોકરંજક પગલાં નહીં, માત્ર ને માત્ર વિકાસ અને લોકહિતથી આ સરકારે વિકાસનો પ્રથમ વર્ષનો સમય પૂર્ણ કર્યો. અમે નીતિઓનું સાતત્ય જાળવ્યું છે. કોઈ રાજકીય લાભાલાભની ચિંતા કર્યા વગર પારદર્શી નીતિઓ અપનાવી એમાં સરકારની ભૂમિકા તો જનશક્તિને જોડવાની હતી. વિકાસનું મોડેલ ગુજરાત બન્યું તો આ જનભાગીદારીનો વિકાસ હરણફાળ બન્યો. મેટ્રો ટ્રેન, ધોલેરા એસઆઈઆરનો વિકાસ, સ્માર્ટ સીટી, સોલાર ઊર્જા, વીન્ડ પાવર જેવી બિન પરંપરાગત ઊર્જાના ઉત્પાદનની વાત હોય કે સ્માર્ટ સીટી જેવી જ સુવિધા ધરાવતા સ્માર્ટ વિલેજના વિકાસની ચિંતા હોય, ખેડૂતોએ કરેલી આકરી મહેનતનું પૂરેપૂરું વળતર મળે તેની ચિંતા હોય, સ્વાભાવિક છે આ બધાં કાર્યો સરકારના વિકાસ એજન્ડા ઉપર રાખ્યા અને ફાસ્ટ ટ્રેક ઉપર એ દિશામાં કામ કર્યું.



મુખ્યમંત્રી એટલે પ્રજાના સર્વાંગી વિકાસની સવિશેષ ખેવના કરતો જવાબદાર કાર્યકર્તા... આપના એ વિચારને મૂર્તિમંત કરવા આપે કોઈ કાર્યપદ્ધતિ વિચારી જ હશે?

અમે મૂલ્યનિષ્ઠ રાજકારણ સાથે વિકાસના રાજકારણનો મંત્ર લઈને કાર્ય કરીએ છીએ. એટલે જ અમે આ સરકારની કાર્યરીતિ વિકાસના ચાર પાયા ઉપર સ્થિર કરીને આગળ વધવાનો નિર્ણય કર્યો. પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતા આ અમારા વિકાસ મંત્રો છે. બીજા શબ્દોમાં કહું તો અમારી સરકારના આ સંસ્કાર છે.

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં પૂરથી ભયંકર તારાજી થઈ. ખાસ કરીને બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પાણીએ રીતસરનો કહેર વરસાવ્યો. આ સમયમાં ગુજરાત સરકારની પ્રાથમિકતા સ્વાભાવિક રીતે બદલાઈ હશે અને ગુજરાતની વિકાસયાત્રાની ગતિ થોડી ધીરી પડશે એ ખરું ?

બિલકુલ, તમારી વાત સાચી છે. એક તબક્કે આપણે ગુજરાતમાં લોકોને પાણી પહોંચાડવા માટે પરિણામલક્ષી નિર્ણયો લઈ સઘન આયોજન કરતાં હતાં. એવા તબક્કે અનરાધાર વરસાદે લગભગ આખા ગુજરાતને અતિવૃષ્ટિથી પાણી પાણી કરી દીધું. ગુજરાત ઉપર અને ખાસ કરીને બનાસકાંઠા અને પાટણમાં આવેલા બેસુમાર પાણીની વાસ્તવિક પરિસ્થિતિ સમજી લેવી જોઈએ. તા. ૨૩ અને ૨૪ જુલાઈના ૪૮ કલાક દરમિયાન રાજસ્થાન રાજ્યના આબુ અને શિરોહી જિલ્લામાં ૯૭ ઈંચ જેટલું પાણી પડ્યું અને આ સમગ્ર પાણી બનાસકાંઠા અને પાટણમાં આવ્યું. વળી આ જ બે દિવસમાં બનાસકાંઠા અને પાટણ વિસ્તારમાં ૨૦ ઈંચ જેટલું પાણી વરસ્યું. દાંતીવાડા અને સીપુ ડેમમાંથી આ બે દિવસ દરમિયાન ૧ લાખ ક્યુસેક કરતાં પણ વધારે પાણી છોડવાની આપણને ફરજ પડી. સ્વાભાવિક રીતે આટલું બધું પાણી આવતાં ખૂબ મોટા પ્રમાણમાં મુશ્કેલી સર્જાય, પરંતુ રાજ્ય સરકાર અને ગુજરાતની ખમીરવંતી પ્રજાએ સાથે મળીને કરેલા આગોતરા આયોજનથી બહુ મોટી જાનહાનિ અને માલમિલકતનું નુકસાન નિવારી શકાયું છે. રાજ્ય સરકારના લાખો કર્મયોગીઓ, એરફોર્સ, આર્મીના જવાનો, એનડીઆરએફ, એસડીઆરએફ, પોલીસદળ સૌ કોઈએ ખભેખભા મિલાવીને બચાવ-રાહત કામગીરી કરી. મારે ગર્વથી આપને કહેવું જાઈએ કે, ગુજરાતની ખમીરવંતી પ્રજામાં એકમેકની પડખે ઊભા રહીને કામ કરવાની ગઝબની શક્તિ છે. સરકારના પ્રયાસોની પડખે સૌ કોઈનો સાથ મળતાં આપત્તિને આપણે વામણી કરી શક્યા છીએ. ૪૨ લાખથી વધારે ફૂડ પેકેટનું વિતરણ બનાસકાંઠા જિલ્લામાં કરવામાં આવ્યું છે.જ્યાં સુધી ગુજરાતની વિકાસ યાત્રા ધીરી પડવાની વાત છે એ વાત સાથે હું બિલકુલ સંમત નથી, ગુજરાતનો વિકાસ ક્યારેય ધીરો ન પડી શકે.

'ગુજરાત' ચાર અક્ષરનો શબ્દ જ 'વિકાસ'નો પર્યાય છે. ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વારસામાં આપેલી ગુજરાતની વિકાસયાત્રાને કોઈપણ સંજોગોમાં કે કોઈપણ પરિસ્થિતિમાં અટકવું પોષાય નહીં. સ્વયં નરેન્દ્રભાઈ પણ ગુજરાત ઉપર પૂરની આફતની વાતની જાણ થતાં વેંત ગુજરાત દોડી આવ્યા. તાત્કાલિક તેમણે પ્રથમ તબક્કે રૂ. ૫૦૦ કરોડની બનાસકાંઠાના આપત્તિજનો માટે સહાયની જાહેરાત કરી.

આ વિકટ પરિસ્થિતિમાં જે બાંધવોએ જીવ ગુમાવ્યા છે તેમના કુટુંબીઓને તેમણે ભારત સરકાર તરફથી રૂપિયા બે લાખ આપવાની જાહેરાત કરી. ગુજરાત સરકાર તરફથી રૂપિયા ચાર લાખ આપવાનું અમે નક્કી કરતાં હવે આ બન્ને રકમ મળીને કુલ રૂપિયા છ લાખની ધનરાશી આપવાનો કેન્દ્ર અને રાજ્ય સરકારે તાત્કાલિક સંવેદનશીલ નિર્ણય કર્યો છે. મંત્રીમંડળના સભ્યો, મુખ્ય સચિવથી માંડીને તમામ વિભાગના વરિષ્ઠ સનદી અધિકારીઓને લઈને હું પાંચ દિવસ માટે બનાસકાંઠામાં કેમ્પ કરીને રહ્યો. આખું સચિવાલય બનાસકાંઠાને બેઠું કરવા પહોંચી ગયું. અમે એવા નિર્ધાર સાથે બનાસકાંઠામાં બેઠાં હતાં કે અગાઉ બનાસકાંઠા હતું એનાથી વધારે સારું કરીને લોકોને આપવું છે. એ દિશામાં અમે દિવસ-રાત લાગી ગયા છીએ. રાજ્ય સરકારે રૂ. ૧૫૦૦ કરોડનું સહાય પેકેજ જાહેર કર્યું છે. કોઈપણ અંતરાયની એટલી તાકાત નથી કે આપણા ગુજરાતને આગળ વધતું અટકાવી શકે. આપણા પથદર્શક, દીર્ઘદ્રષ્ટા, ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સવા છ કરોડ ગુજરાતી બાંધવોનું સહિયારું બળ સરકારની પડખે છે. સૌના સાથ અને સૌના વિકાસથી ઘડીના છઠ્ઠા ભાગમાં આપણે ફરી બેઠા થઈને દોડવા લાગીશું. આ ઉપરાંત ૩૬૫ દિવસમાં પોણા પાંચસો ઉપરાંત જનહિતલક્ષી નિર્ણયો લઈને સમગ્ર ગુજરાતને વિકાસના ફાસ્ટ ટ્રેક ઉપર આપણે મૂકી દીધું છે.

સામાન્ય રીતે ચૂંટણીના પડઘમ વાગતા હોય ત્યારે કોઈ પણ મુખ્યમંત્રી કડક નિર્ણયો લેવાથી દૂર રહેતા હોય છે. એક વર્ષમાં આપે લીધેલા નિર્ણયો જોતાં આપ એ વાત સાથે સંમત હોવ એમ નથી લાગતું.

જુઓ, મોટા ભાગના લોકો સમાજમાં પરિવર્તન લાવતા ઊર્ધ્વગામી નિર્ણયોને આવકારીને રાજી જ થતા હોય છે. સમાજના નકારાત્મક વિચારોવાળા બહુ થોડા લોકોને જ આવા નિર્ણયો કઠતા હોય છે. અમે ગાયમાતાનું ઋણ અદા કરવા ગૌવંશ સુરક્ષાનો કડક કાયદો અમલમા મૂક્યો તેને સૌ કોઈએ સહર્ષ સ્વીકાર્યો. આ ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે ફી નિયંત્રણ ધારો, હુક્કાબાર પ્રતિબંધ વગેરે જેવા સમાજના હિતલક્ષી કડક નિર્ણયો લીધા છે જેને ગુજરાતની જનતાએ હૃદયપૂર્વક આવકાર્યા છે. હું સ્પષ્ટપણે માનું છું કે, હું મુખ્યમંત્રી નહીં, જનતાનો 'મુખ્ય સેવક' છું. મને મારા પક્ષે જનતાની મુખ્યમંત્રી તરીકે સેવા કરવાની જવાબદારી સોંપી છે તેને હું 'મુખ્ય સેવક' તરીકે નિભાવી રહ્યો છું.

રાજ્યની યુવા શક્તિને સામર્થ્યવાન બનાવી તેમની શક્તિઓને વિકાસની દિશામાં રચનાત્મક રીતે સંયોજિત કરી તેમના સમગ્રતયા વિકાસ માટે આપની સરકારનો શો અભિગમ છે ?

યુવાનો આપણી સ્ટ્રેંથ છે - જબરજસ્ત તાકાત છે. ગુજરાતમાં ૬૫ ટકા ઉપરાંત યુવાશક્તિ છે. તરવરતી યુવાશક્તિને યોગ્ય દિશા મળે, શૈક્ષણિક ઉત્તમ વ્યવસ્થા મળે અને રોજગાર સ્વરોજગારના એમને અવસર મળે તો તે અદ્ભુત પરિણામો આપી શકે તેવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે. યુવાશક્તિને વિકસવાની તક મળે, તેને તેના સામર્થ્યને પ્રયોજવાના અવસર મળે, તેમની બેરોજગારી દૂર થાય તો તે યુવાશક્તિ રાષ્ટ્રના વિકાસના વિવિધ આયામોમાં પ્રયોજી શકાય. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ આ જ દિશામાં સતર્ક રીતે કાર્યરત છે. ૬૫ ટકાથી વધુ એવું વિશાળ યુવા માનવબળ ધરાવતા આપણા દેશની ઉન્નતિને કોઈ રોકી ન શકે તેવું મારું સ્પષ્ટ માનવું છે. તે દિશામાં બહુઆયામી આયોજનો અને પ્રયાસો કરવામાં આવ્યા છે. યુવાશક્તિ પણ ખૂબ જ ઉત્સાહપ્રેરક પ્રતિસાદ આપી રહી છે તે ઘણા આનંદની વાત છે. અમે યુવાનોમાં ચારિત્ર્યનું નિર્માણ કરવા માંગીએ છીએ, એટલે જ અમે દારૂબંધીના કાયદાને કડકમાં કડક બનાવ્યો છે. હુક્કાબારને બંધ કરવાનો સંકલ્પ કર્યો છે. યુવાનોને નશાની ચુંગાલમાંથી છોડાવવાની અમારી મથામણ છે એવું નથી. યુવાનો નશાના વ્યસનના રસ્તે જાય જ નહીં તેવા અમારા પ્રયાસો છે. (ક્રમશઃ)